# વસંતોત્સવમાં ચાર લાખ કલાપ્રેમીઓ ઉમટ્યા

## આ વર્ષે સંસ્કૃતિકુંજ ખાતે દરરોજના ૪૦ હજારથી વધુ માણસો વસંતોત્સવ માણવા આવ્યા







ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં સંસ્કૃતિકુંજ ખાતે ચાલી રહેલા વસંતોત્સવની પૂર્ણાહૂતી થઈ છે ત્યારે મળતી માહિતી મુજબ વસંતોત્સવમાં ૧૪મી માર્ચથી ૨૩ માર્ચ સુધી એમ ૧૦ દિવસમાં ૪,૦૦,૦૦૦ થી પણ વધારે નાગરિકો ઉમટ્યા હતા. આ વર્ષે પ્રથમ દિવસથી ભીડનો માહોલ વર્તાયો હતો. દરરોજના ૪૦,૦૦૦થી વધુ માણસોએ વસંતોત્સવની મજા માણી હતી.

સતત બે વર્ષના ગેપ બાદ આ વર્ષે સંસ્કૃતિકુંજ ખાતે ૧૪ માર્ચથી વસંતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દસે દસ દિવસમાં વસંતોત્સવની મુલાકાત માત્ર પાટનગરવાસીઓ જ નહી પરંતુ આસપાસનાં વિસ્તારના નાગરિકોએ પણ વસંતોત્સવને મન ભરીને માણ્યો હતો. દરરોજ નવા નવા સાંસ્કૃતિક કાર્યક્રમોએ આકર્ષણનું કેન્દ્ર જમાવ્યુ હતુ. સોશિયલ મીડિયામાં અને અખબારમાં જોવા મળતા વસંતોત્સવના ફોટોગ્રાફસના કારણે વધારે ભીડ જામી હતી.

સંગીત કલાકારોએ વસંતોત્સવમાં ૧૦ દિવસ વાતાવરણ સંગીતમય બનાવી દીધુ હતુ. જેમાં છેલ્લા દિવસે જાણીતા લોકગાયક પાર્થિવ ગોહિલ દ્વારા હજારોની ભીડમાં લોકગીતો રજૂ કરીને જમાવટ કરી દીધી હતી. વિવિધ સ્ટોલ અને ખાણી-પીણી બજારના કારણે પણ વસંતોત્સવમાં મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી. આટલી બધી ભીડ જોઈને દૂર દૂરથી આવેલા કલાકારોમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આમ વાજતેગાજતે વસંતોત્સવ-૨૦૨૨ની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

# બીસીએ કોલેજમાં વાર્ષિકોત્સવ યોજાયો





ગાંધીનગર, તા. ૨૩

બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ.વી. ઈન્સ્ટિટ્યુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ, બીસીએ કોલેજ દ્વારા વાર્ષિક મહોત્સવ અને ફેરવેલ એક સાથે ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાનની તેમની વિવિધ ક્ષેત્રે કરેલી પ્રગતિને બિરદાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ખીમજી વશરામ હોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર સમાચારના મેનેજિંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા. તથા કડી વિશ્વ વિદ્યાલયના ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વીણાબેન પટેલ, ડૉ. વિગ્ના ઓઝા, ડૉ. રમાકાંત પૃષ્ટી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના મેનેજિંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા દ્વારા તેમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને સમગ્ર જીવનકાળ દરમિયાન શિક્ષણ, સેવા, શિસ્ત, સંયમ, સંસ્કાર અને સમર્પણ જેવા મુદ્દાઓને આવરી લઈને આગળ વધવા પર ભાર મુક્યો હતો. જ્યારે ડૉ. કનુભાઈ પટેલે વિદ્યાર્થીઓ સમક્ષ ૧૦૨ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત એવી આ સંસ્થાના વિકાસની ગાથા વર્ણવી હતી.

આ કાર્યક્રમમાં આર્ટસ, લાઈફ સેવિયર વોરિયર, ઉદ્યોગ સાહસિકતા, સોશિયલ કન્સ્ટ્રીબ્યુશન, પ્લેસમેન્ટ અને શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ જેવી વિવિધ કેટેગરીમાં ૩૬ જેટલાં વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કોલેજ દ્વારા છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ રીતે ઉજવાયેલા આ ફેરવેલનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર જૈમિની કુલકર્ણીએ કર્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનમાં કોલેજના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓનો સહયોગ રહ્યો હતો.





## ચેખલાપગી ખાતે જિલ્લાકક્ષાની પશુપાલન તાલીમ શિબિરનું આયોજન

ચેખલાપગી, દહેગામ ખાતે પશુપાલન ખાતા, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગરના ઉપક્રમે જિલ્લાકક્ષાની પશુપાલન શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજુબાજુના ૧૫ કરતા વધુ ગામોના ૪૦૦ ઉપરાંત પશુપાલક ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. આ શિબિરમાં મહિલા પશુપાલકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ભરતસિંહ ઝાલા ચેરમેન, ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ રમણભાઈ કે. દેસાઈ, જિલ્લા ભાજપ મહામંત્રી ચન્દ્રીકાબેન નવિનસિંહ રાઠોડ, પ્રિયંકાબેન બળવંતસિંહ, મનુસિંહ મકવાણા, લલિતાબેન બિહોલા, વિજયસિંહ રાઠોડ, દશરથસિંહ રાઠોડ, ભાવનાબેન, નેનીબેન ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરનું આયોજન ડૉ. એસ.આઈ. પટેલના માર્ગદર્શન હેઠળ પશુપાલન ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર મને ગમે છે...



**અશ્વિન વાસુદેવભાઈ ત્રિવેદી**
**એડવોકેટ & સ્પે.પી.પી.**

મને ગાંધીનગર ગમે છે. કારણ કે અહીં સેવાની સરવાણી વહે છે. પ્રકૃતિની આહલાદકતાની હરીયાળીથી જીવન જીવવાનો નવો ઉત્સાહ પુરો પાડે છે. રમણીય, સુંદર નયનરમ્ય નગર, સુઆયોજીત નગર રચના તથા પહોળા રોડની વચ્ચે રહેવાલાયક વસાહતો ગુજરાતનાં પાટનગર હોવાના કારણે સવિશેષ સગવડો નગર વાસીઓને ઉપલબ્ધ થાય છે.

સંગીત, સંસ્કાર અને સંસ્કૃતિની નગરી એટલે ગાંધીનગર. કોઈનું નઈ પણ સૌનું એટલે ગાંધીનગર. તમામ નગરવાસીઓ ગુજરાતનાં દરેક જીલ્લામાંથી નોકરી, રોજગાર માટે ગાંધીનગરમાં વસવાટ કરતા આવેલ છે. શરૂઆતમાં સરકારી નગરી હવે ઉદ્યોગ, વેપાર, ધંધા તથા શૈક્ષણિક હબ તરીકે ઉદય થતો રહ્યો છે. ભારતભરમાંથી વિદ્યાર્થીઓ રહી શિક્ષણ લેવા વસવાટ કરે છે. યુનિવર્સિટીઓથી લઈ રક્ષા શક્તિ તથા બાળ શક્તિ યુનિવર્સિટીથી સજ્જ શૈક્ષણિક નગરી તરીકે વિકાસ થતો રહ્યો છે. નવી નવી રોજગારની વ્યાપક તકોનો અવસર આપતી નગરી એટલે ગાંધીનગર. શૂન્યમાંથી સર્જન કરી આગળ વધી કઈ કેટલાય લોકોનું જીવનધોરણ આ નગરીએ બદલ્યું છે.

ખેતરનાં ઉભા પાકની જગ્યાએ સિમેન્ટ કોંક્રિટના જંગલોમાં બદલાતું નગર એટલે ગાંધીનગર. ગાંધીનગરને ગાંધીનગર ની ઓળખ આપી છે. સ્થાપત્ય અને શિલ્પનાં બેનમૂન નમૂના સમાન અડાલજની વાવ તથા ધાર્મિક આસ્થાના પ્રતિક સમાન અક્ષરધામ જગમશહૂર છે. તેથી મને ગાંધીનગર ગમે છે.

